# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ❖ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી જે પી નડ્ડા આજે રાજકોટથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવશે
- ❖ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે સાસણ-ગીર ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવશે
- ❖ રાજ્યભરમાં ગઇકાલે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ.
- ❖ છેલ્લા એક સપ્તાહમાં ગુજરાત પોલીસે 836 કરોડ રૂપિયાના માદક પદાર્થો જપ્ત કર્યા.
- ❖ સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી 75 ટકાના ચેતવણીનાં તબક્કા સુધી પહોંચીઃ  છેલ્લા 24 કલાકમાં 97 તાલુકાઓમાં વરસાદ

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# HAR GHAR TIRANGA

15 ઓગસ્ટ સુધી ચાલનારા હર ઘર તિરંગા અભિયાનનાં ભાગ રૂપે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટમાં તિરંગા યાત્રાનો શુભારંભ કરાવશે. આજે સવારે 10 વાગે શરૂ થનારી આ યાત્રામાં **કેન્દ્રીય મંત્રીઓ જે.પી.નડ્ડા અને સી.આર. પાટીલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિતનાં મંત્રીઓ ઉપસ્થિત રહેશે.**

ઉલ્લેખનીય છે કે, **મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં 'હર ઘર તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ રાજકોટથી થશે.**

**કચ્છ જિલ્લાકક્ષાની તિરંગા યાત્રાનું ભુજ શહેરમાં આયોજન કરવામાં આવ્યું છે. આજે જિલ્લાના પદાધિકારીઓ જ્યુબિલી ગ્રાઉન્ડથી સવારે ૯.00 કલાકે આ યાત્રાને પ્રસ્થાન કરાવશે.**

**ગઇકાલે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત તેમના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ લહેરાવીને આ અભિયાનમાં સહભાગી થયા હતા. સુરતના ભાગળ ચાર રસ્તા ખાતે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા શહેરીજનોને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

---

-પીટીસી, કચ્છ, યાદી, અનિલ પટેલ -(NAVIN)

# Gordhan Zadfia TIRANGA

ભારતીય જનતા પાર્ટીએ હર ઘર તિરંગા અભિયાનને રાજ્યભરમાં ઘર ઘર સુધી પહોંચાડવા માટે 50 લાખ ધ્વજનાં વિતરણનો પ્રારંભ કર્યો છે.

15 ઓગસ્ટ સુધી રાજ્યનાં મહાનગરો અને 585 મંડળ કેન્દ્ર પર તિરંગા યાત્રા યોજાશે.

એક પત્રકાર પરિષદમાં ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયાએ આ મુજબ જણાવ્યું...

(બાઇટ ગોરધન ઝડફિયા)

-----------------------------------------------------------------------

-પીટીસી, -(NAVIN)

# NAVSARI TIRANGA

હર ઘર તિરંગા અભિયાન હેઠળ લોકજાગૃતિ લાવવાના ઉદેશ્યથી નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોએ હર ઘર તિરંગા થીમ પર મનમોહક કલાકૃતિઓ તૈયાર કરી હતી. લોકોનો જુસ્સો વધારવા માટે શાળાના પ્રાંગણમાં એકઠા થઈને બાળકોએ માનવ આકૃતિ દ્વારા 'હર ઘર તિરંગા' અને રાષ્ટ્રીય ચિહ્ન 'અશોક ચક્ર'ની મનમોહક કલાકૃતિ બનાવી હતી.

---------------------------------------------------------------------

- નવસારી- પીટીસી- સરફરાઝ નાગોરી -(NAVIN)

# VISHVA SINH DIVAS UJAVNI

આજે 'વિશ્વ સિંહ દિવસ' છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. સિંહ' પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા હેતુથી 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં આવેલા એશિયાટિક સિંહોની વસ્તી વર્ષ 1990માં 284 હતી જે વર્ષ 2020 માં વધીને અંદાજે 674 સુધી પહોંચી છે. એશિયાના સિંહનો વસવાટ ધરાવતા 11 જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, ભાવનગર, બોટાદ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમી દ્વારકા અને જામનગરની શાળાઓ-ગામોમાં આ ઉજવણી કરવામાં આવશે.

અમારા અમરેલી જિલ્લાના પ્રતિનિધી હરેશ ટાંક જણાવે છે કે, **380** હેક્ટર વિસ્તારમાં ફેલાયેલો આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ **2023-2024**માં 62 હજારથી વધુ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. પ્રવાસીઓ સિંહ સહિતના વન્ય પ્રાણીઓનાં અવાજ સહિતની દુનિયા માણી શકે તે માટે હાલમાં ઇન્ટરપ્રિટેશન સેન્ટરનું નિર્માણ ચાલુ છે.

વન વિભાગ દ્વારા **#World Lion Day** 2024 દ્વારા વિશ્વના સિંહપ્રેમીઓ, એન.જી.ઓ., પ્રકૃતિપ્રેમીઓ, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનોને તેમના સંદેશ, ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરી આ ઉજવણીમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

-પીટીસી,અમરેલી, માહિતી, અનિલ પટેલ, -(NAVIN)

# Adivasi Day

રાજ્યનાં અનેક જિલ્લાઓમાં ગઇકાલે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે દાંતાની આદર્શ નિવાસી શાળા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

તેમણે અંબાજીથી ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિવાસી ભાઈ બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભકામના પાઠવતા આ મુજબ જણાવ્યું....

## (બાઇટ ઋષિકેશ પટેલ)

આદિવાસીઓની 74 ટકા વસ્તી ધરાવતા દાહોદ જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં નાગરિક અને અન્ન પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપળા ખાતે પણ આદિવાસી સમાજ દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**ભાવનગરનાં આદિવાસી ભીલ સમાજે રેલી યોજી હતી અને બિરસા મુંડા સહિતનાં શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે મહિલા અને બાળ કલ્યાણ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષ સ્થાને આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.**

પાટણ જીલ્લા રાધનપુર ખાતે ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

- પીટીસી- પાટણ, દાહોદ, પંચમહાલ, ભાવનગર, બનાસકાંઠા, અનિલ પટેલ નવીન

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# DRUGS -HARSH SANGHVI

રાજ્યમાંથી ડ્રગ્સના દૂષણને ઉગતું જ ડામી દેવા રાજ્ય સરકારે ડ્રગ્સ સામે અભિયાન જ નહિ, જંગ છેડી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએઆ વિષે વધુ માહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા એક અઠવાડીયામાં ગુજરાત પોલીસે 836 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ચરસ, ગાંજોઅને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ સહિતના ડ્રગ્સનો મુદ્દામાલ જપ્ત કરી 14 આરોપીઓ સામે નાર્કોટીક્સના ગુના દાખલ કર્યા છે. તેમણે ઉમેર્યું કે અન્ય દેશોમાંથી દરિયાઇ માર્ગે ઘુસાડવામાં આવતા ડ્રગ્સને પકડવામાં ગુજરાત પોલીસ સતત સતર્ક છે.

આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓઅને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી પણ રાજ્યમાં અમલમાં મુકવામાં આવી છે. યુવાનોને આ ચુંગાલથી દૂર રાખવાની લડાઇમાં સંતો-મહંતો, નેતાઓ-અભિનેતાઓ, સહિત તમામ જાગૃત નાગરિકોને 'એક પરિવાર' બનીને સહયોગ આપવાશ્રી હર્ષ સંઘવીએ અપીલ કરી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# SARDAR SAROVAR DEM

ઉપરવાસમાં થયેલા વરસાદને મધ્યપ્રદેશનું પાણી સરદાર સરોવર નર્મદા ડેમમાં આવતું હોવાથી પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ડેમમાં અત્યરસુધીમાં કુલ 3.54 લાખ કયુસેક પાણીની આવક નોંધાઈ છે. દર કલાકે ડેમની સપાટીમાં 15થી 20 સેમીનો વધારો થઇ રહ્યો હોવાથી ડેમમાં પાણીની સપાટી 130 મીટર સુધી પહોંચી છે. ડેમ 75 ટકા જેટલો ભરાતા તેમાંથી 28 હજાર 464 કયુસેક પાણી નર્મદા નદીમાં છોડાયું હોવાથી નદી કિનારા વિસ્તારોમાં રહેતાં લોકોને સલામત સ્થળે ખસી જવા સરદાર સરોવર નિગમે એક યાદીમાં જણાવ્યું છે.

ગુજરાતનાં છેલ્લા 24 કલાકમાં 97 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં આણંદ જિલ્લાનાં ખંભાત તાલુકામાં પોણા બે ઇંચ, ખેડાના ગળતેશ્વર, અમદાવાદનાં ધોળકા, દાહોદનાં સંજેલીમાં દોઢ-દોઢ ઇંચ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ગુજરાતના કુલ 13 તાલુકામાં ઇંચ કે તેથી વરસાદ વરસ્યો હોવાની સત્તાવાર માહિતી પ્રાપ્ત થવા પામી છે.

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ 24 ઇંચ વરસાદ થયો છે, જે મોસમના કુલ સરેરાશ વરસાદના 69 ટકા છે. અમદાવાદમાં વરસાદની મોટી ઘટ છે. શહેરમાં અત્યાર સુધી સરેરાશ 17 ઇંચ એટલે કે બાવન ટકા વરસાદ પડ્યો છે. જિલ્લામાં 12 ઇંચ એટલે કે 46 ટકા વરસાદ પડ્યો છે.

રાજ્યનાં 47 તાલુકમાં 40 ટકાથી ઓછો વરસાદ પડ્યો છે.બીજી તરફ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં 28 તાલુકા એવા છે જ્યાં 100 ટકા કરતાં પણ વધુ વરસાદ પડ્યો છે. કચ્છ ઝોનમાં સૌથી વધુ 87 ટકા વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં 82 ટકા અને સૌરાષ્ટ્રમાં 78 ટકા વરસાદ પડ્યો છે.

----------------------------------------------------------------------

- પીટીસી- નર્મદા, ડેસ્ક - સરફરાઝ નાગોરી, અનિલ પટેલ -(NAVIN)

# NAVSARI VAN MAHOTSAVA TAIYARI

રાજ્યકક્ષાના સંસદિય બાબતોના મંત્રી પ્રફુલભાઇ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને નવસારી જિલ્લાનાં ચીખલી તાલુકાનાં મજીગામ ખાતે આજે નવસારી જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ યોજાશે.

અમારા નવસારી જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે, આજે સવારે દસ વાગે મજગામનાં દિનકર ભવન ખાતે યોજાનાર કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઇ દેસાઇ, ધારાસભ્ય નરેશભાઇ પટેલ, આર.સી.પટેલ, અનંત પટેલ, રાકેશભાઇ દેસાઇ, સહિત વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

---

- પીટીસી- નવસારી- સરફરાઝ નાગોરી -(NAVIN)

# dengue disease

રાજ્યભરમાં ચાલુ વર્ષે જુલાઇથી ઓક્ટોબર માસ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ રોગ અટકાયત અને નિયંત્રણ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયા મુજબ, ડેન્ગ્યુ એ અર્બોવાયરસથી થતો અને એડીસ ઇજીપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. ડેન્ગ્યુના મચ્છરોથી નાગરિકોને સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ ન હોવાથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ ન લેવા સૂચન કરવામાં આવ્યું છે.

---

---યાદી અનિલ -(NAVIN)